# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/133 Dt. 12/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં બે દિવસીય 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'નો ભવ્ય શુભારંભ

## કલા અને સંસ્કૃતિનું મહત્વ સમાજના વિકાસ માટે અનિવાર્ય છે : ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના વ્યાસ

## સંસ્કૃતિ એ આપણા જીવનનો આધારસ્તંભ છે, જેણે પણ કલા અને સંસ્કૃતિને સમજી છે તેણે જીવનને વધુ સમૃદ્ધ બનાવ્યું છે : પદ્મશ્રી યઝદી કરંજીયા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખો આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ ફેસ્ટિવલ તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે બપોરે ૧૨:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક સુધી યોજાયો છે, જેનો શુભારંભ ૧૨મી સપ્ટેમ્બરે બપોરે ૧૨:૦૦ કલાકે થયો હતો, જેમાં ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના વ્યાસ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા, જ્યારે પદ્મશ્રી યઝદી કરંજીયાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સંસ્કૃતિ શબ્દનું મહત્વ અને એની પરિકલ્પના ખૂબ જ ગજબની છે. સંસ્કૃતિ, આર્ટ અને કલ્ચર સૌનો જીવ અને ધબકતો આત્મા છે. ચેમ્બરની ટીમે આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફટ ફેસ્ટિવલ થકી પ્લેટિનમ હોલમાં નવી સૃષ્ટિનું સર્જન કર્યું છે, જેમાં સુરતના કલાકારોએ પેઇન્ટીગ, ફોટોગ્રાફી અને હેન્ડીક્રાફટ સહિત વિવિધ કલાકૃતિઓ રજૂ કરી છે. ઉદ્યોગ, વ્યવસાય સાથે સંસ્કૃતિનું સંકલન એ સમાજની ખરી ઉર્જા છે.

ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના વ્યાસે જણાવ્યું હતું કે, જે લોકો સરસ્વતિના પુજારી છે તેઓ સર્વોપરી છે. કારણ કે, જેમના માથા પર સરસ્વતિ (જ્ઞાન) બિરાજે છે તેઓ પાસે બધું જ હોય છે. મારી ફિટનેસ કોચ તરીકેની સફર ચાલુ છે પણ તેની સાથે હું આર્ટ એટલે કલામાં આવી છું. બે ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું છે અને એક ફિલ્મમાં પ્રોડકશન પણ કર્યું છે. તેમણે કહયું હતું કે, કલા અને સંસ્કૃતિનું મહત્વ સમાજના વિકાસ માટે અનિવાર્ય છે. ચેમ્બરે આ મહોત્સવ દ્વારા સંસ્કૃતિ અને પરંપરા સાથે નવા વિચારોને પ્રોત્સાહિત કરી સુરતના કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડયું છે.

પદ્મશ્રી યઝદી કરંજીયાએ જણાવ્યું હતું કે, ભારત એક સંસ્કૃતિપ્રિય દેશ છે, જ્યાં દરેક રાજ્યમાં વિવિધ સંસ્કૃતિ અને કલાનું પ્રતિબિંબ જોવા મળે છે. સુરત, પોતાની ઉત્સવ ભાવના અને સાંસ્કૃતિક વારસાથી પ્રખ્યાત છે, એટલે તેને 'ઉત્સવનગરી' તરીકે ઓળખવામાં આવે છે. જીવનમાં કલાને માણવું જરૂરી છે. કારણ કે, કલા આપણને અંદરથી ઉર્જાવાન બનાવે છે અને સમાજને એક સાથે જોડે છે. સંસ્કૃતિ એ આપણા જીવનનો આધારસ્તંભ છે. જેણે પણ કલા અને સંસ્કૃતિને સમજી છે તે જીવનને વધુ સંતુષ્ટ અને સમૃદ્ધ બનાવે છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ બે દિવસ દરમ્યાન થનારા કાર્યક્રમોની માહિતી આપી હતી. કમિટીના કો–ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહે ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન સીએ મયંક દેસાઇ, ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન અને આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના એડવાઇઝર શ્રીમતી મયૂરી મેવાવાલા તથા ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના કો–ચેરપર્સન સીએ અવનિ દેસાઇ અને સુશ્રી વનિતા રાવલ તેમજ સુરતના કલાકારો ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહયા હતા.

'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'માં યુવાનો પોતાની કલા, સર્જનતા અને કલ્ચરલ અભિવ્યક્તિનું પ્રદર્શન કરી રહયા છે. ચિત્રકામ, હેન્ડીક્રાફ્ટ અને ક્રિએટિવ ફોટોગ્રાફીનું પ્રદર્શન કરી રહયા છે. આ ઉપરાંત, કલાકારો અહી લાઇવ રંગોળી અને લાઇવ કાઉચ પેઇન્ટીંગ કરી રહયા છે.

સંસ્કૃતિમાં તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦થી ૪:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સરસાણા ખાતે આર્ટ, કલ્ચર એન્ડ ક્રિએટિવ એકસપ્રેશન્સ વિષે સ્પેશ્યલ પેનલ ડિસ્કશન યોજાશે, જેમાં શ્રી સૌરભ દેસાઇ, સુશ્રી વૈશાલી ગોહિલ, સુશ્રી ત્વીશા શુકલ અને ડો. જસ્મીન કૌર માહિતી આપશે. સાંજે ૫:૩૦થી ૭:૩૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે મ્યુઝિક ટેલેન્ટ કોમ્પીટિશન પણ યોજાશે. ત્યારબાદ રાત્રે ૮:૦૦ કલાકે મ્યુઝિકલ એન્ટરટેઇન્મેન્ટ ઇવનીંગ યોજાશે, જેમાં વિશ્વ – ધ બેન્ડ દ્વારા લાઇવ પરફોર્મન્સ કરવામાં આવશે. ટેલેન્ટ આર્ટિસ્ટ્સ શ્રી કુલદિપ વિશ્વકર્મા, શ્રી નિશાંત પટેલ, શ્રી મોહિત ભાગા, શ્રી દેવ શર્મા અને શ્રી કૃતાગ જરીવાલા લાઇવ પરફોર્મન્સ કરશે.